ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી અને
નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી,
ગાંધીનગર.

ક્રમાંક : DTE/F(P)-AICTE/ 66_2/2022/ 5696

તા. 27 JUL 2022

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી તથા ખાનગી યુનીવર્સીટીઓ
આચાર્યશ્રી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની કચેરી હેઠળની તમામ સરકારી, અનુદાનિત તથા ખાનગી સંસ્થાઓ.
મેમ્બર સેક્રેટરી ACPC, મેમ્બર સેક્રેટરી ACPDC

વિષય: "હર ઘર તિરંગા" કાર્યક્રમનિ રાષ્ટ્રવ્યાપી ઉજવણી બાબત

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગનો કચેરીનો અત્રેની કચેરીને મળેલ પત્ર ક્રમાંક : પરચ-૧૨૨૦૨૨-૧૮૮-વ.૨

(૨) રમતગમત, યુવા અને સંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગનો પત્ર ક્રમાંક : ઉજવ/૧૦૨૦૨૨/GOI-૩૭/ક

શ્રીમાન,

"આઝાદી કા અમૃત મહોત્સવ" ની ઉજવણી અંતર્ગત ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ સુધી " હર ઘર તિરંગા" કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે રાજ્યની તમામ શાળાઓ અને કોલેજોમાં " હર ઘર તિરંગા" કાર્યક્રમ અંતર્ગત ધોરણ-૯ થી ૧૨ તથા કોલેજના વિદ્યાર્થીઓ માટે સંકલ્પપત્રનું વાંચન કરવા, સંકલ્પ લેવામાં અને તમામ શાળાઓ, કોલેજો પર રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવે તે બાબત સૂનિશ્ચિત કરવાનું જણાવવામાં આવેલ છે.

ઉપરોકત સમગ્ર કામગીરી વિભાગ સાથે તથા રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ સાથે પરામર્શમાં રહી રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની અદ્યતન સૂચનાઓ ધ્યાને લઇને સમયબધ્ધ રીતે ચૂસ્તપણે તેમજ કાર્યક્રમની ગરીમા જળવાય તે ધ્યાને રાખી યોગ્ય રીતે સફળતા પુર્વક આયોજન કરવાનું જણાવવામાં આવે છે. ઉક્ત બાબતે યોજવાના થતા કાર્યક્રમોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | સમયગાળો | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૦૧ | ૨૮ જુલાઈ ૨૦૨૨ થી ૩૧ જુલાઈ ૨૦૨૨ | • તિરંગાના મહત્ત્વ પર વકતૃત્વ/ નિબંધ લેખન સ્પર્ધા તથા સંકલ્પ પત્રનું વાંચન |
| ૦૨ | ૧ ઓગસ્ટ ૨૦૨૨ થી ૭ ઓગસ્ટ ૨૦૨૨ | • કાપડ/ચાર્ટ પેપર પર રાષ્ટ્રધ્વજ તૈયાર કરવા વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધાનું આયોજન કરવું.<br>• કાપડ/ચાર્ટ પેપર પર રાષ્ટ્રધ્વજ તૈયાર કરવા વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધાનું આયોજન કરવું.<br>• રાષ્ટ્રધ્વજ પર ગીત ગાવાની સ્પર્ધા ગોઠવવી. |

| | | |
|---|---|---|
| 03 | ૮ ઓગસ્ટ ૨૦૨૨ થી ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ | • રાષ્ટ્રધ્વજના વિકાસની યાત્રાને દર્શાવવા માટે, વિદ્યાર્થીઓ ચાર્ટ પેપરની પર રાષ્ટ્રધ્વજના ઇતિહાસ દર્શાવતું ચાર્ટ પેપર તૈયાર કરશે.<br>• સંસ્થાના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર "હર ઘર તિરંગા" માટે સોશિયલ મીડિયા ક્રિએટિવને નિયમિતપણે પ્રોત્સાહન આપવામાં આવશે.<br>• વિદ્યાર્થીઓને રાષ્ટ્રધ્વજના સંદર્ભમાં અભિનય કરવા અથવા સોલો એક્ટ કરવા માટે પ્રેરિત કરવા. |

આથી ઉક્ત બંને પરિપત્રો યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે તથા યોજવામાં આવેલ કાર્યક્રમ અંગેનો વિગતવાર અહેવાલ (ફોટોગ્રાફ સાથેનો) મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

-s/d-
નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગુ, રા. ગાંધીનગર

-s/d-
નિયામક
ટેકનીકલ શિક્ષણની કચેરી
ગુ, રા. ગાંધીનગર

રવાના કર્યું
(સંયુક્ત નિયામકશ્રી,
ટેકનીકલ શિક્ષણની કચેરી)

બીડાણ : ઉપર મુજબ.